(Gujarati)

# આરોગ્ય અને સામાજિક સંભાળના વ્યવસાયિકોનું નિયંત્રણ કોણ કરે છે?

## આરોગ્ય (હેલ્થ) કે સામાજિક સંભાળ (સોશિયલ કેર)ના વ્યવસાયિક પાસેથી તમે શું અપેક્ષા રાખો છો?

તમારા ડોક્ટર, નર્સ, ડેન્ટિસ્ટ, સોશિયલ વર્કર અને બીજા કોઈ પણ આરોગ્ય કે  સામાજિક સંભાળના વ્યવસાયિક પાસેથી તમે અપેક્ષા રાખો છો કે તેઓઃ

- તમારી સાથે માન અને સન્માનપૂર્વક વર્તન કરે;
- તમારી સારવાર કરવાની કે સંભાળ લેવાની આવડતો અને જ્ઞાન ધરાવતાં હોય; અને
- ઊચ્ચ ધોરણનું વર્તન દર્શાવે.

તમને મળેલી સારવાર કે સંભાળનાં ધોરણ વિશે જો તમે ચિંતિત હો, તો તે અંગે કોઈ વ્યક્તિ પગલાં લેશે એવી પણ અપેક્ષા તમે રાખો છો.

## આ ધોરણો પૂરાં કરવામાં આવે છે તેની ખાતરી કોણ કરે છે?

અમે 13 સંસ્થાઓ છીએ, જેમને હેલ્થ એન્ડ સોશિયલ કેર રેગ્યુલેટર્સ (આરોગ્ય અને સામાજિક સંભાળનાં નિયંત્રકો) તરીકે ઓળખવામાં આવે છે. અમે દરેક સંસ્થા આખાયે યુ.કે.માં વ્યક્તિગત વ્યવસાયિકો ઉપર નિયંત્રણ કરીને, અને તેઓ આ ધોરણો પૂરાં કરે છે તેની ખાતરી કરીને, આરોગ્ય અને સામાજિક સંભાળના એક અથવા વધારે વ્યવસાયિકો ઉપર દેખરેખ રાખીએ છીએ.

જાહેર જનતાની  સુરક્ષા કરવા માટે અને યુ.કે.માં આરોગ્ય કે સામાજિક સંભાળની સેવા પૂરી પાડતી કોઈ પણ વ્યક્તિને (ખાનગી અથવા એન.એચ.એસ.માં) તમે મળો ત્યારે તેઓ આ ધોરણો પૂરાં કરશે જ તેની તમને ખાતરી હોય તેની ચોક્સાઈ કરવા માટે અમારી સ્થાપના કરવામાં આવી હતી. અમે શું કામ કરીએ છીએ અને અમારો સંપર્ક કેવી રીતે કરવો તે આ પત્રિકા તમને જણાવે છે.

## તમને ઊચ્ચ કક્ષાની સારવાર કે સંભાળ પૂરી પાડવા માટે વ્યવસાયિક વ્યક્તિ પાસે આવડતો અને જ્ઞાન હોય એવી તમે અપેક્ષા રાખો છો

અમારી ભૂમિકાનો એક અગત્યનો ભાગ એ ખાતરી કરવાનો છે કે યુ.કે.માં કામ કરતા આરોગ્ય અને સામાજિક સંભાળના વ્યવસાયિકો પાસે તેમણે જે આવડતો અને જ્ઞાનનો ઉપયોગ કરવાની જરૂર છે તે આવડતો અને જ્ઞાન હોય. તેમના અભ્યાસક્રમો અને તાલીમ માટેનાં ધોરણો અમે નક્કી કરીએ છીએ.

અમારાં ધોરણો પૂરાં કરતાં હોય તેવા વ્યવસાયિકો પાસેથી જ ફક્ત તમને સંભાળ અને સારવાર મળી રહે છે તેની ખાતરી કરવા માટે અમે એક રજિસ્ટર રાખીએ છીએ. કાયદા અનુસાર, જે લોકોએ પોતે આ ધોરણો પૂરાં કરતાં હોવાનું બતાવ્યું હોય તેઓ જ આ રજિસ્ટરોમાં નોંધાઈ શકે છે.

## તમારા વ્યવસાયિક ઊચ્ચ ધોરણોનું વર્તન કરે તેવી તમે અપેક્ષા રાખો છો

રેગ્યુલેટરો વર્તનનાં ધોરણો પણ નક્કી કરે છે, જે દરેક વ્યવસાયનાં સભ્યોએ પૂરાં કરવાં જરૂરી હોય છે. કેવું વર્તન સ્વીકાર્ય માનવામાં આવે છે તે માટે અમે માર્ગદર્શન પૂરું પાડીએ છીએ. આ ધોરણો પૂરાં કરવામાં ન આવે તો તે બાબતને અમે ઘણી જ ગંભીરતાપૂર્વક લઈએ છીએ.

## તમને મળેલી સારવાર કે સંભાળનાં ધોરણો વિશે જો તમે ચિંતિત હો તો તે અંગે કોઈ વ્યક્તિ પગલાં લેશે એવી તમે અપેક્ષા રાખો છો

તમારી સંભાળ રાખનારી વ્યક્તિની ક્ષમતા કે વર્તન અંગે જો તમને ચિંતા હોય, તો તમે સીધા તે વ્યક્તિ સાથે અથવા તેને કામ પર રાખનાર માલિક - એમ્પ્લોયર પાસે જઈને વાત કરી શકો છો. આ વિશે તમે સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરો, ઈન્ડિપેન્ડન્ટ કમ્પ્લેઈન્ટ્સ એડવોકસી સર્વિસીસ, કમ્યૂનિટી હેલ્થ કાઉન્સિલ અથવા સ્થાનિક પેશન્ટ એડવાઈઝ એન્ડ લિએઝન સર્વિસ જેવી કોઈ સંસ્થા પાસેથી સલાહ મેળવી શકો.

જાહેર જનતાનું રક્ષણ કરવા માટે અમે પણ પગલાં લઈ શકીએ છીએ. નોંધાયેલા કાર્યકરો વિશેની ફરિયાદોની અમે તપાસ કરી શકીએ છીએ. જો પરિસ્થિતિ વધારે ગંભીર હોય, તો યુ.કે.ના લાગતાવળગતા દેશમાં કે દેશોમાં પ્રેક્ટિસ કરવાનો તેમનો અધિકાર અમે પાછો ખેંચી લઈ શકીએ છીએ.

## કોણ નોંધાયેલું છે?

નીચે જણાવેલા વ્યવસાયોમાંથી કોઈ વ્યવસાયમાં કામ કરવા માટે, તે વ્યક્તિએ લાગતાવળગતા રેગ્યુલેટર સાથે નોંધાવું જરૂરી છે. જો તેઓ નોંધાયેલાં ન હોય અને તેમ છતાં આ કામ કરતાં હોય, તો તેઓ કાયદાનો ભંગ કરી રહ્યાં છે અને તેમની પર કાયદેસર પગલાં લેવામાં આવી શકે.

અમારાં રજિસ્ટરો જાહેર જનતાને જોવા માટે મળી શકે છે. આથી જો કોઈ વ્યક્તિ નોંધાયેલી છે કે નહિ તે તમે તપાસવા માગતાં હો, તો આ તમે અમને ફોન કરીને અથવા અમારી વેબસાઈટોમાંથી જાણી શકો છો.

**જો તમને આ પત્રિકાની વધારે નકલો જોઈતી હોય, તો કૃપા કરીને આ સરનામે ઈમેઈલ કરો regulators@hpc-uk.org. જો તમને બીજી કોઈ ભાષામાં નકલો જોઈતી હોય અથવા મોટા અક્ષરોમાં છાપેલી નકલ જોઈતી હોય, તો કૃપા કરીને અમારી કોઈ વેબસાઈટ જુઓ**

### અમારો સંપર્ક કરો

### આરોગ્ય સંભાળ (હેલ્થકેર)

General Chiropractic Council (GCC)
કાઈરોપ્રેક્ટરો
ફોન: 020 7713 5155 અથવા www.gcc-uk.org

General Dental Council (GDC)
ડેન્ટિસ્ટો, ડેન્ટલ થેરપિસ્ટો, ડેન્ટલ હાઈજિનિસ્ટો
31મી જુલાઈ 2006થી - ડેન્ટલ નર્સો, ડેન્ટલ ટેક્નીશ્યનો, ક્લિનિકલ ડેન્ટલ ટેક્નીશ્યનો અને ઓર્થોડોન્ટિક થેરપિસ્ટો
ફોન: 020 7887 3800 અથવા www.gdc-uk.org

General Medical Council (GMC)
ડોક્ટરો
ફોન: 0845 357 8001 અથવા www.gmc-uk.org

General Optical Council (GOC)
ઓપ્ટીશ્યનો
ફોન: 020 7580 3898 અથવા www.optical.org

General Osteopathic Council (GosC)
ઓસ્ટીયોપેથ્સ
ફોન: 020 7357 6655 અથવા www.osteopathy.org.uk

Health Professions Council (HPC)
આર્ટ્સ થેરપિસ્ટો, બાયોમેડિકલ સાયન્ટિસ્ટો, ચિરોપોડિસ્ટો, પોડિયાટ્રિસ્ટો, ક્લિનિકલ સાયન્ટિસ્ટો, ડાયેટિશ્યનો, ઓક્યુપેશનલ થેરપિસ્ટો, ઓપરેટિંગ ડિપાર્ટમેન્ટ પ્રેક્ટિશનરો, ઓર્થોપ્ટોસ્ટિટો, પેરામેડિક્સ, ફિઝિયોથેરપિસ્ટો, પ્રોસ્થેટિસ્ટો અને ઓર્થોટિસ્ટો, રેડિયોગ્રાફરો, સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરપિસ્ટો
ફોનઃ 020 7582 0866 અથવા www.hpc-uk.org

Nursing and Midwifery Council (NMC)
નર્સો, મિડવાઈફો અને સ્પેશ્યાલિસ્ટ કમ્યૂનિટી પબ્લિક હેલ્થ નર્સો
ફોનઃ 020 7333 6622 અથવા www.nmc-uk.org

Royal Pharmaceutical Society of Great Britain (RPSGB)
ફાર્માસિસ્ટો, ફાર્મસી ટેક્નીશ્યનો (સ્વૈચ્છિક રજિસ્ટર ઉપર) અને ફાર્મસીનાં (દવા વેચતાં) સ્થળો
ફોનઃ 020 7735 9141 અથવા www.rpsgb.org

Pharmaceutical Society of Northern Ireland (PSNI)
નોર્ધન આયરલેન્ડમાં ફાર્માસિસ્ટો અને ફાર્મસીનાં (દવા વેચતાં) સ્થળો
ફોનઃ 02890 326927 અથવા www.psni.org.uk

Council for Healthcare Regulatory Excellence (CHRE) કાઉન્સિલ ઓફ હેલ્થકેર રેગ્યુલેટરી એક્સલન્સ (સી.એચ.આર.ઈ.) નું લક્ષ્ય જાહેર જનતાની સુરક્ષા કરવાનું, સર્વશ્રેષ્ઠ કાર્યવ્યવહારને બઢતી આપવાનું અને ઉપર જણાવેલાં આરોગ્ય સંભાળના વ્યવસાયિકોના નવ રેગ્યુલેટરોમાં સર્વશ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાનું છે
www.chre.org.uk

## સામાજિક સંભાળ (સોશિયલ કેર)

સમય જતાં કાઉન્સિલો કર્મચારીઓનાં વધારાનાં જૂથોની નોંધણી કરશે. તેમની વિગતો તમને દરેક કાઉન્સિલ પાસેથી મળી શકે છે.

Care Council for Wales
વેઈલ્સમાં સામાજિક સંભાળ પૂરી પાડતા કાર્યકરો, લાયકાત મેળવેલા સોશિયલ વર્કરો અને માન્યતાપ્રાપ્ત ડિગ્રી કોર્સ કરી રહેલા સોશિયલ વર્કનાં વિદ્યાર્થીઓ
ફોનઃ 0845 0700 399 અથવા www.ccwales.org.uk

General Social Care Council (GSCC)
ઈંગ્લેન્ડમાં સામાજિક સંભાળ પૂરી પાડતા કાર્યકરો, લાયકાત મેળવેલા સોશિયલ વર્કરો અને માન્યતાપ્રાપ્ત ડિગ્રી કોર્સ કરી રહેલા સોશિયલ વર્કનાં વિદ્યાર્થીઓ
ફોનઃ 020 7397 5100 અથવા www.gscc.org.uk
મિનિકોમઃ 020 7397 5103

Northern Ireland Social Care Council (NISCC)
નોર્ધન આયરલેન્ડમાં સામાજિક સંભાળ પૂરી પાડતાં કાર્યકરો, લાયકાત મેળવેલા સોશિયલ વર્કરો અને માન્યતાપ્રાપ્ત ડિગ્રી કોર્સ કરી રહેલા સોશિયલ વર્કનાં વિદ્યાર્થીઓ
ફોનઃ 02890 417600 અથવા www.niscc.info
ટેક્સ્ટફોનઃ 02890 239340

Scottish Social Services Council (SSSC)
સ્કોટલેન્ડમાં સામાજિક સંભાળ પૂરી પાડતાં કાર્યકરો, લાયકાત મેળવેલા સોશિયલ વર્કરો અને માન્યતાપ્રાપ્ત ડિગ્રી કોર્સ કરી રહેલા સોશિયલ વર્કનાં વિદ્યાર્થીઓ
ફોનઃ 0845 6030 891 અથવા www.sssc.uk.com

જુલાઈ 2006